# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

---------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , દેશને સ્થાનિક વસ્તુઓને પ્રોત્સાહન આપવા એટલે કે વૉકલ ફૉર લોકલ , આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના મંત્ર સાથે આગળ વધવું પડશે. આજે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું, તહેવારો વચ્ચે દેશવાસીઓએ સ્વદેશીની વાત ભૂલવી ન જોઈએ.**

(BYTE: PM NARENDRA MODI) VOCAL FOR LOCAL

પ્રધાનમંત્રીએ સુરતના સુરક્ષાકર્મી જિતેન્દ્ર સિંહ રાઠોડનો પણ ઉલ્લેખ કર્યો. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી એ જવાનોની માહિતી એકઠી કરી રહ્યા છે , જેમણે ભારત માતાની રક્ષા માટે પોતાના જીવનું બલિદાન આપ્યું.

(BYTE: PM NARENDRA MODI) SURAT

શ્રી મોદીએ દેશમાં વિવિધ જગ્યાએ આવેલા પૂર અને ભૂસ્ખલનનો ઉલ્લેખ કરતાં દુઃખ વ્યક્ત કર્યું અને બચાવકાર્યની પ્રશંસા કરી.

# AMIT SHAH GUJARAT new

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજ્યના પ્રવાસના બીજા દિવસે આજે અમદાવાદમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. શ્રી શાહ ઘાટલોડિયા વિસ્તારમાં વિવિધ સોસાયટીના અધ્યક્ષ અને સચિવ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા. તેમણે લાલ દરવાજા વિસ્તારમાં અંદાજે 12 કરોડ રૂપિયાના ખર્ચે નવિનીકરણ કરાયેલા સરદાર બાગનું લોકાર્પણ કર્યું. સરદાર બાગને લોકો માટે આજથી ખૂલ્લો મૂકાયો છે.

આજે સવારે શ્રી શાહે અમદાવાદના ગોતામાં ઓગણજ શહેરી આરોગ્ય કેન્દ્ર અને ચાંદલોડિયામાં વંદે માતરમ્ શહેરી આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું. ત્યારબાદ તેમણે રાણિપ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં છોડ રોપ્યો.

શ્રી શાહે નવા વાડજ ખાતે સ્ટેડિયમ વોર્ડમાં વિકાસશીલ શહેરી વનની મુલાકાત લીધી. ત્યાંથી તેઓ અમદાવાદમાં ભદ્ર કિલ્લા ખાતે આવેલા નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે શિશ ઝૂકાવ્યું.

હવે શ્રી શાહ સાંજે ડાયલ 112 અંતર્ગત શરૂ થઈ રહેલી જનરક્ષક પરિયોજનાનું લોકાર્પણ કરશે.

# SPORTS DAY DISTRICTS

રાજ્યના વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી થઈ રહી છે. ગીરસોમનાથના સૂત્રાપાડા અને ગીરગઢડા તાલુકામાં આજે સાઈકલ યાત્રા યોજાઈ. દરમિયાન અધિકારીઓ અને નાગરિકોએ લોકોને તંદુરસ્તી જાળવણીનો સંદેશ આપ્યો.

સુરેન્દ્રનગરમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાની ઉપસ્થિતિમાં જવાહર પોલીસ પરેડ મેદાન ખાતે સાઈકલ યાત્રા અને રાષ્ટ્રીયકક્ષાના વિજેતા ખેલાડીઓનો સન્માન સમારોહ યોજાયો.

જામનગરમાં જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સાઈકલયાત્રા યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં સાયકલસવાર જોડાયા. તેમણે શહેરના મુખ્યમાર્ગ પર ફરી લોકોને ફિટ ઇન્ડિયા અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

સુરતમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે સાઈકલયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

છોટાઉદેપુરમાં સન્ડે ઑન સાઈકલ યાત્રા યોજાઈ. દરમિયાન મહાનુભાવોએ ફિટ ઇન્ડિયા અંગે પ્રતિજ્ઞા લીધી.

દેવભૂમિદ્વારકાના ખંભાળિયામાં જિલ્લા સેવા સદનથી જિલ્લા રમતગમત સંકુલ હરીપર સુધી સાઈકલ યાત્રા યોજાઈ.

મહેસાણામાં પોલીસ પરેડ મેદાન ખાતે યોજાયેલી સાઈકલ યાત્રામાં સાંસદ હરિ પટેલ સહિતના મહાનુભાવ જોડાયા હતા.

રાજકોટમાં યોજાયેલી સાઈકલ યાત્રામાં જોડાયેલા મહાનુભાવોએ લોકોને ફિટ ઇન્ડિયા અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં જોડાવવા અપીલ કરી.

ભાવનગરમાં ત્રણ દિવસ યોજાયેલા રમતોત્સવમાં વૉલિબૉલ અને બેડમિન્ટન જેવી સ્પર્ધા યોજાઈ.